પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૯, બુધવાર; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શાહીસ્નાન સાથે કુંભ મેળાનો પ્રારંભ

**પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ પર અભૂતપૂર્વ શ્રદ્ધા વચ્ચે મહાકુંભની શરૂઆત : લાખો શ્રદ્ધાળુઓ દ્વારા સ્નાન : વહેલી પરોઢે પ્રથમ શાહી સ્નાનમાં સૌથી પહેલા નાગા સાધુ-સંતો, ત્યારબાદ અખાડાના સાધુ-સંતો અને છેલ્લે શ્રદ્ધાળુઓની પવિત્ર ડુબકી : કરોડો પહોંચશે**



પ્રયાગરાજ,તા. ૧૫

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આજે અભૂતપૂર્વ સુરક્ષા, ઉત્સાહ તેમજ શ્રદ્ધા વચ્ચે મહાકુંભ ૨૦૧૯ની શરૂઆત થઈ હતી. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ સ્થળ પર નાગા સાધુ, ત્યારબાદ અન્ય અખાડાના સાધુ સંતો તેમજ અંતે સામાન્ય શ્રદ્ધાળુઓએ શાહી સ્નાન કર્યુ હતુ. સામાન્ય શ્રદ્ધાળુઓ દ્વારા શાહીસ્નાનનો દોર મોડા સુધી ચાલ્યો હતો. વહેલી પરોઢે પાંચ વાગે સ્નાનની પ્રક્રિયા શરૂ થયા બાદ સમગ્ર દિવસ દરમિયાન શાહીસ્નાનનો દોર જારી રહેશે. સઘન સુરક્ષા અને જુદા જુદા ઘાટ ઉપર સ્નાન અને પૂજાવિધિ માટે સંતો ઉમટી પડ્યા હતા. પારો ૧૦ ડિગ્રી સેલ્સિયસથી પણ નીચે હોવા છતાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પવિત્ર ડુબકી લગાવી હતી.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત કરવામાં આવેલા મહાકુંભની અનેક વિશેષતાઓ રહેલી છે. સંગમ ઉપર ત્રિવેણી ઘાટ પાસે આનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રયાગરાજમાં કુંભનું નામ આવતાની સાથે જ યમુના, ગંગા અને સરસ્વતીના પાવન ત્રિવેણી સંગમની બાબત માનસિક ચિત્ર ઉપર આવી જાય છે. આ પવિત્ર સંગમ સ્થળ ઉપર ડુબકી લગાવવા માટે દેશ અને દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચે છે. આધ્યાત્મિક શહેરમાં ડુબકી લગાવીને શ્રદ્ધાળુઓ જુદા જુદા પાપમાંથી મુક્તિ મેળવે છે. મકરસંક્રાંતિ માટે પૂણ્યકાળની

● અનુસંધાન પાન-૭ પર

## શાહીસ્નાન સમયે સાધુ-સંતોનો ઠાઠબાટ રાજાઓ જેવો હોય છે

**ઠાઠબાટના કારણે આને શાહી સ્નાન કહેવાય છે : સંતો હાથી-ઘોડા અને સોના-ચાંદીની પાલખીમાં જાય છે**





પ્રયાગરાજ, તા. ૧૫

પ્રયાગરાજમાં શરૂ થયેલા ભવ્ય કુંભ મેળામાં કરોડો લોકો પહોંચનાર છે. પ્રથમ શાહી સ્નાન સાથે આજે આની શરૂઆત થઈ હતી. તમામ ૧૩ અખાડાના શાહી સ્નાન માટે ક્રમ પણ પહેલાથી જ નક્કી કરવામાં આવે છે તે પહેલા કોઈપણ સ્નાન માટે નદીમાં ઉતરી શકે નહીં. કેટલીક વખત શાહી સ્નાનને લઈને સંતો વચ્ચે સંઘર્ષની સ્થિતિ પણ જોવા મળી ચુકી છે. શાહી સ્નાનની પરંપરા સદીયો જુની રહેલી છે. એમ માનવામાં આવે છે કે, શાહી સ્નાનની પરંપરા ૧૪મીથી લઈને ૧૬મી સદી વચ્ચે થઈ હતી. તે વખતે દેશમાં મોગલ શાસકો આવવાની શરૂઆત થઈ હતી. ધીમે ધીમે આને લઈને સાધુ-સંતો ઉગ્ર થવા લાગી ગયા હતા. મોગલ શાસકોએ સ્થિતિને હળવી કરવા બેઠક કરીને કામ વહેંચી દેવાનો નિર્ણય કર્યો હતો. સાધુ-સંતોને સન્માન આપવા અને તેમને ખાસ અનુભવ થાય તે માટે સૌથી પહેલા સ્નાનની તક તેમને આપવાનો નિર્ણય કરાયો હતો. આ સ્નાનના ગાળા દરમિયાન સાધુ-સંતોનું સન્માન અને ઠાઠબાટ રાજાઓ જેવું રહે છે જેથી આને શાહી સ્નાન કહેવામાં આવે છે. મોડેથી શાહી સ્નાનને લઈને અખાડામાં સંઘર્ષની શરૂઆત થઈ હતી. અનેક વખત રક્તપાત પણ થઈ ચુક્યા છે. શાહી સ્નાન દરમિયાન સાધુ-સંતો હાથી ઘોડા અને સોના ચાંદીની પાલખીઓમાં બેસીને પણ પહોંચે છે. ખાસ મુહુર્ત પહેલા સાધુ-સંતો ત્રિવેણી સંગમ ઉપર એકત્રિત થાય છે.

# કર્ણાટક સરકારમાં રાજકીય સંકટ

**કોંગેસ અને ભાજપ ધારાસભ્યો સક્રિય : સરકાર ગબડાવી દેવાના પ્રયાસોના આક્ષેપો થયા : ભાજપને ચારથી પાંચ ધારાસભ્યોના સમર્થનનો ઇંતજાર છે જ્યારે કોંગ્રેસ પણ ભાજપના બળવાખોરોના સંપર્કમાં**

બેંગ્લોર, તા. ૧૫

કર્ણાટકમાં જોરદાર રાજકીય ગતિવિધિ ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ભાજપે છેલ્લા બે દિવસમાં તેના ૧૦૪ ધારાસભ્યોને રાષ્ટ્રીય પાટનગર પ્રદેશમાં શિફ્ટ કરી દીધા છે. બીજી બાજુ મુખ્યમંત્રી કુમારસ્વામીએ આક્ષેપ કર્યો છે કે, ઓપરેશન લોટસના ભાગરુપે વિપક્ષી પાર્ટી દ્વારા તેમની સરકારને બરતરફ કરવા માટે ઓપરેશન લોટસ હાથ ધરવામાં આવ્યું છે. તેમની સરકારને પાડી દેવા માટે કોંગ્રેસ-જેડીએસના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ગુગલે ૪૦ લાખનુ પેકેજ ઓફર કર્યુ**

ગુગલે ગુરૂગ્રામના એક એમબીએ વિદ્યાર્થીને કેમ્પસ પ્લેસમેન્ટમાં ૪૦ લાખ રૂ.નો વાર્ષિક પેકેજ ઓફર કર્યો છે. મેનેજમેન્ટ ડેવલપમેન્ટમાં વિશ્વની ૧૦૬ જાણીતી કંપનીઓએ ૩૪૫ વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા નોકરીની ઓફર કરી છે.

**વારાણસીમાં ઉજવાશે પ્રવાસી ભારતીય દિવસ**

વારાણસીમાં આ વર્ષે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરાશે. જેમાં ૩૭૫ મહેમાનો મલેશીયાથી આવશે. ૧૮મી જાન્યુઆરીથી પ્રવાસી ભારતીય દિવસ ઉજવાશે.

**અરૂણ જેટલી અમેરિકા જવા રવાના**

નાણા મંત્રી અરુણ જેટલી કિડની સંબંધિત રોગની તપાસ માટે અચાનક અમેરિકા જવા રવાના થયા છે. જેટલીને એક ફેબ્રુઆરીના રોજ છઠ્ઠા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારનું અંતરિમ બજેટ રજૂ કરશે.

**પશ્ચિમ બંગાળમાં રથયાત્રા કાઢવાની પરવાનગીનો સુપ્રીમનો ઈનકાર**

પશ્ચિમ બંગાળ રાજ્યમાં રથયાત્રા કાઢવા માટે ભાજપને પરવાનગી આપવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો છે.

# આવકવેરા મુક્તિ મર્યાદા વધારી પાંચ લાખ કરવા સક્રિય વિચારણા

**વચગાળાના બજેટમાં મધ્યમવર્ગને મોટી રાહત આપવાની તૈયારી : મેડિકલ ખર્ચ અને પરિવહન ભથ્થાને ફરી શરૂ કરવાની હિલચાલ : નોટબંધીના કારણે બેહાલ થયેલા મધ્યમ વર્ગને શ્રેણીબદ્ધ રાહતો આપવા માટેની તૈયારી**

નવી દિલ્હી,તા. ૧૫

મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી આવકવેરા મુક્તિ મર્યાદાને પગારદાર વર્ગના કર્મચારીઓ માટે ૨.૫ લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરી શકે છે. જ્યારે મેડિકલ ખર્ચ અને પરિવહન ભથ્થાને પણ ફરી શરૂ કરવામા આવી શકે છે. વચગાળાનું બજેટ હોવાથી મોટાભાગની માંગ પરિપૂર્ણ કરી શકાય તેવી સ્થિતિ નથી પરંતુ મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ચૂંટણીને ધ્યાનમાં લઈને મધ્યમ વર્ગને ખુશ કરવાના પ્રયાસ કરી શકે છે. સરકારી સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ટેક્સ સ્લેબને વ્યવસ્થિત કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કોઈપણ સ્થિતિમાં ડાયરેક્ટ ટેક્સ કોડ મુજબ જ નવી વ્યવસ્થા રહેશે.ડાયરેક્ટ ટેક્સ કોડ રિપોર્ટ આવ્યા બાદ જ આ સંદર્ભમાં આગળ વધવામાં આવશે. હાલમાં ૨.૫ લાખ રૂપિયાની અંગત આવક ઉપર કોઈ ટેક્સ નથી જ્યારે ૨.૫થી પાંચ લાખની વચ્ચે વાર્ષિક આવક ઉપર ૫ ટકા ટેક્સ લાગે છે જ્યારે પથી ૧૦ લાખ રૂપિયાની આવક ઉપર ૨૦ અને ૧૦ લાખની ઉપરની આવક પર ૩૦ ટકા ટેક્સ લાગે છે. ૮૦ વર્ષથી વધુ વયના નાગરિકોને પાંચ લાખ રૂપિયા વાર્ષિકની આવક પર કરવેરા છુટછાટ મળે છે.

# અંકુશરેખા પર પાકિસ્તાનનો ગોળીબાર

**નાના અને ભારે હથિયારો મારફતે ગોળીબારમાં ૧ જવાન શહીદ બીએસએફ દ્વારા તીવ્ર જવાબી કાર્યવાહી કરવામાં આવી**

જમ્મુ, તા. ૧૫

જમ્મુ કાશ્મીરના કઠુઆ વિસ્તારમાં આજે સવારે પાકિસ્તાન તરફથી ફરી એકવાર જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં એક જવાન શહીદ થયા હોવાની માહિતી મળી છે. ભારતીય બીએસએફના જવાનોએ પાકિસ્તાનની કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ગોળીબાર દરમિયાન બીએસએફ જવાન શહીદ થયા હતા. બીએસએફના આસીસ્ટન્ટ કમાન્ડેન્ટ વિનય પ્રસાદ હિરાનગર સેક્ટરમાં થયેલી ગોળીબારીમાં ઘાયલ થયા હતા. તેમને તરત જ નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું અવસાન થયું હતું. જમ્મુ કાશ્મીરના રાજૌરી સેક્ટરમાં પણ આજે અંકુશરેખા પર ભારત અને પાકિસ્તાનના સૈનિકો વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી.

## અશ્રુભીની અંજલિ



**સ્વ. હર્ષજીત હસમુખભાઈ પંડ્યા**
**(પૂર્વ કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા)**

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું એ કુદરતનો ક્રમ છે.
પરંતુ મધ્યાહ્નને અસ્ત થવું એ વિધિનિ વક્રતા છે.
તારી અચાનક વિદાય અમારા માટે અસહ્ય બની છે.

**ઈશ્વર તારા આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...**

લિ.

| | | |
|---|---|---|
| કૃષ્ણકાન્ત જહા | આશિષ દવે | પિનાકીન રાવલ |
| કનૈયાલાલ પંડ્યા | નિશીત વ્યાસ | નરેશ દવે |
| પંકજ શુક્લ | રૂચીર ભટ્ટ | રાજેશ પંચોલી |
| મુંજાલ રાવલ | ધવલ દવે | રાકેશ જાની |
| અશ્વિન વ્યાસ | ઉર્પલ જોષી | હરેશ જાની |
| બિપીન રાવલ | અશ્વિન ત્રિવેદી | દિપક વ્યાસ |
| સુરેશ મહેતા | જયેશ પંચોલી | મિતુલ જોષી |

નોંધ : સદ્‌ગતની અંતિમયાત્રા આજે તા. ૧૬/૧/૨૦૧૯ને બુધવારે સવારે ૯-૦૦ કલાકે તેમના નિવાસસ્થાને - ૫, ગીતાંજલિ સોસાયટી, સેક્ટર-૨૮થી નિકળશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમૂલ દૂધ
પીતા હૈ
ઈંડિયા
₹27* /500mL
અમૂલ
ડાયમંડ
7% FAT





*MRP (incl. of all taxes), transportation and cooling charges included.Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56 / 57